| GJBK210005772019 | सत्यमेव जयते | કેસ રજુ તારીખ | ૧૧/૧૨/૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|
| | | કેસ દાખલ તારીખ | ૧૧/૧૨/૨૦૧૯ | | |
| | | ફેસલ તારીખ | ૨૪/૦૪/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

**મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ (કુલદીપ આર. શર્મા)શ્રીની અદાલત સમક્ષ, મુ.લાખણી.**

**ફોજદારી કેસ નં.–૫૩૫/૨૦૧૯**
આંક–

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી :– (૧) હકાજી બાબુજી ઠાકોર
(૨) શ્રવણજી ઉર્ફે મસાજી જોરાજી ઠાકોર
(૩) પરબતજી દેવણાજી ઠાકોર
તમામ રહે.અસાસણ, તા.લાખણી,જી.બનાસકાંઠા.

**ગુન્હો :– ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ**

---

ફરીયાદ પક્ષે :–વિ.એ.પી.પી.શ્રી વી.એ.જોષી
આરોપી પક્ષે :–વિ.વ.શ્રી એમ.આર.અણખીયા

---

**–:((ચુકાદો)):–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૨૭/૧૦/૧૯ના કલાક ૨૨/૦૦ વાગ્યાના સુમારે મોજે અસાસણ ગામની સીમમાં

આ કામના ફરી. તથા સાહેદ પત્નીનાઓ વચ્ચે રકઝક બોલાચાલી ચાલતી હોઈ જેથી તહોદારો નજીકમાંથી આવી ફરી. તથા સાહેદને ભુંડી ગાળો બોલી ફરી.તથા સાહેદને શરીરે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એક બીજાને મદદગારી કરી મહે. જીલ્લા મેજી સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ. જે બનાવ સંબંધે ફરીયાદીએ ફરીયાદ આપતાં ગુનો નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કરી હાલના આરોપીઓ વિરુધ્ધ પુરાવો પડતાં સદર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતાં તેઓને ક્રિ.પ્રો.કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પૂરી પાડયાની ખાતરી કર્યા બાદ, આરોપીઓને તેઓની સામેના ગુના અંગે સમજ આપી આંક–૩ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી સમજાવી આંક–૪ થી ૬ આરોપીઓનું નિવેદન લેતાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં, ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે આ કામે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે :–

| ક્રમ. | –:: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ::– | આંક. |
|---|---|---|
| ૦૧. | ફરીયાદી પંખુબેન નાગજીભાઈ ઠાકોરની જુબાની | ૭૩ |
| ૦૨. | ફરીયાદ | ૭૪ |
| ૦૩. | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ | ૭૫ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો આપવો ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ આંક–૭૬ થી પુરશીશ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો જોતા ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–//(મુદ્દાઓ)//–**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૭/૧૦/૧૯ના કલાક ૨૨/૦૦ વાગ્યાના સુમારે મોજે અસાસણ ગામની સીમમાં આ કામના ફરી. તથા સાહેદ પત્નીનાઓ વચ્ચે રકઝક બોલાચાલી ચાલતી હોઈ જેથી તહોદારો નજીકમાંથી આવી ફરી. તથા સાહેદને ભુંડી ગાળો બોલી ફરી.ને શરીરે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એક બીજાને મદદગારી કરી મહે. જીલ્લા મેજી સાહેબના જાહેરનામાનો ભંગ કરી આરોપીએ ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :–

**મુદ્દા નં. ૧ :–**

(૮.૧) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૭૩ થી ફરીયાદી પંખુબેન નાગજીભાઈ ઠાકોરને તપાસેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકર્તા કોઈ પુરાવો આપેલ ન હોઈ સદર સાહેદને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી. ધ્વારા તેની કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ ફરીયાદની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા નથી. આમ આ સાહેદોના પુરાવાથી ફરીયાદની હકીકત સાબીત થઈ શકેલ નથી તેમ આ અદાલતનું અતિનમ્રપણે માનવું છે.

(૮.૨) ફરીયાદપક્ષે આંક–૭૫ થી ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ રજુ થયેલ છે પરંતુ સદર દસ્તાવેજ પુરવાર કરવા ફરીયાદપક્ષે કોઈ સાહેદો તપાસેલ નથી જેથી સદર દસ્તાવેજો પુરવાર માની શકાય નહિ તેમ આ અદાલતનું અતિનમ્રપણે માનવું છે.

(૮.૩) આ કામે આરોપી વિરુધ્ધના તહોમત અનુસાર ઈ.પી.કો.કલમ–૩૨૩ મુજબના ગુના પુરતા પુરાવાનુ સમગ્ર મુલ્યાંકન કરવામાં આવે તો, કલમ–૩૨૩ ના તત્વો આરોપીએ શારીરિક પીડા કે વ્યથા કરવાના ઈરાદે સ્વેચ્છાપુર્વક કૃત્ય કરેલ હોવુ જોઈએ. હાથ ઉપરના કેસમાં કહેવાતા બનાવમાં ઈજા પામનાર સાહેદ કે જે ખુદ ફરીયાદી છે તેઓએ આરોપીએ તેઓને કોઈ માર મારેલ નથી તેવી હકીકત જણાવતા હોય તેવા સંજોગોમાં માત્ર ફરીયાદ પર

આધાર રાખીને સદર ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે.

(૮.૪)હવે આ કામે આરોપી વિરુધ્ધના તહોમત અનુસાર ઈ.પી.કો.કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુના પુરતા પુરાવાનુ સમગ્ર મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે આક્ષેપીત ઈ.પી.કો. કલમ–૫૦૪ ના ગુન્હા સંદર્ભે જોઈએ તો ફરીયાદી તેમની જુબાનીમાં આરોપીએ બનાવ સમયે ખરેખર કયા ગુન્હાહીત અથવા તો બિભત્સ શબ્દો ઉચ્ચારેલ તે મૌખિક અગર તો લેખિત સ્વરુપે પણ જણાવેલ નથી. આમ, માત્ર ગાળો દીધેલાનો આક્ષેપ કરવા માત્રથી તેવો ગુન્હો પુરવાર થયેલો ગણી શકાય નહી. તે જ રીતે આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાની જાસા ધમકી આપેલ હોય અને તે ધમકીના કારણે તેઓ પોતાનુ રોજીંદુ કામ કરી શકતા ન હોય અને ફરીયાદી ભય હેઠળ રહેતા હોય તેવો કોઈ જ પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ તમામ પુરાવાનુ સમગ્રલક્ષી મુલ્યાંકન કરતા આરોપીએ ખરેખર ઉચ્ચારેલ ગાળોના શબ્દો રેકર્ડ ઉપર લેખિત કે મૌખિક પુરાવા સ્વરૂપે રજુ થયેલ નથી તથા આરોપીએ આપેલ ગુન્હાહિત ધમકીની કોઈ અસર ભોગ બનનાર ઉપર થયેલ હોય જેથી આક્ષેપિત બનાવ બાદ ફરીયાદી સતત ભયના ઓથાર હેઠળ જીવતા હોય અને પોતાનુ રોજીંદુ કામકાજ કરી શકતા ન હોય તેવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી. જે સંજોગોમાં ફરીયાદ પક્ષે રજુ તમામ પુરાવા આધારે આરોપી વિરુદ્ધ ઇ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર થતો નથી તેમ પ્રસ્થાપિત થતુ હોય આરોપીને તેમની સામેના ઈ.પી.કો.કલમ– ૫૦૪, ૫૦૬(૨) મુજબ સજાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૯) હવે આ કામે આરોપી વિરુધ્ધના તહોમત અનુસાર ઈ.પી.કો.કલમ–૫૦૪ ના તત્વો સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન કરેલ હોવુ જોઈએ. તે સંદર્ભે જોઈએ તો ફરીયાદી તેમની જુબાનીમાં આરોપીએ બનાવ સમયે ખરેખર કયા ગુન્હાહીત અથવા તો બિભત્સ શબ્દો ઉચ્ચારેલ તે મૌખિક અગર તો લેખિત સ્વરુપે પણ જણાવેલ નથી. આમ, માત્ર ગાળો દીધેલાનો આક્ષેપ કરવા માત્રથી તેવો ગુન્હો પુરવાર થયેલો ગણી શકાય નહી. વધુમા આ કામે રજુ થયેલ ફરીયાદીના પુરાવો જોતા તેઓએ પોતાની સરતપાસમા એ હકીકત સ્પષ્ટપણે કબુલ રાખેલ છે કે આરોપીએ તેઓને કોઈ ગાળો બોલેલ હોય તેવુ બનેલ નથી.

(૧૦) આમ, આ કામે રજુ કરવામાં આવેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ખુદ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે અન્ય સાહેદોને કે ત.ક.અમલદારને તપાસેલ નથી કારણ કે તેમને તપાસવાથી કેસના ગુણદોષને કોઈ અસર થાય તેમ નથી. વધુમાં ખુદ ફરીયાદીએ કલોઝીંગ પુરસીસ આપેલ છે તેમજ ફરીયાદપક્ષે પંચનામા પણ પુરવાર થયેલ નથી. આમ,કેસની હકીકત, સંજોગો, કારણો લક્ષમાં લેતાં ફરિયાદપક્ષના સાહેદના સમર્થનકારક મૌખિક પુરાવાના અભાવે આરોપીઓ સામેનો કેસ શંકાથી પર પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **–:((હુકમ)):–**

(૧) આ કામના આરોપી નં.(૧)હકાજી બાબુજી ઠાકોર નં.(૨)શ્રવણજી ઉર્ફે મસાજી જોરાજી ઠાકોર નં.(૩)પરબતજી દેવણાજી ઠાકોર તમામ રહે.અસાસણ, તા.લાખણી,જી.બનાસકાંઠાનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે, ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલનો ચુકાદો, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે (શરદ જેઠાલાલ સાવલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નં.૯૮૬૨/ ૨૦૧૫, નિર્ણીત તા.૧૪/૧૧/૨૦૧૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં .૧૬૧૮/૨૦૧૬, તા.૫/૭/૨૦૧૬)

(૩) મુદામાલ અંગે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ કાયદા મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ફોજદારી કાર્યરીતીસંહિતા ૧૯૭૩ની કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : લાખણી.
તારીખ :૨૪/૦૪/૨૦૨૬

**(કુલદીપ આર. શર્મા)**
જયુ.મેજી. ફર્સ્ટ કલાસ, લાખણી
**કોડ નં.જી.જે.૦૧૬૪૧**